For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in



# ઓલપાડના અનેક ગામો હજી પણ પાણીમાં

**વડોલી,** બોલાવ અને ઉમરાછી સહિતના વિસ્તારોમાં પાણી નો ભરાવો યથાવત

**વડોલી** પાસે ઘૂંટણસમા પાણી ભરાતા ઓલપાડ-કીમ રાજ્ય ધોરી માર્ગ બંધ કરાયો

કીમ : કીમ નદીમાં આવેલા પૂરને કારણે ઓલપાડ તાલુકાના અનેક ગામો હજી પણ પાણીમાં ગરક હોવાનું જાણવા મળે છે. કઠોદરા વિસ્તારમાં પૂરનાં પાણી ઓસરવા લાગ્યા છે, પરંતુ હવે વડોલી સહિતના વિસ્તારોમાં પાણીનો ભરાવો વધતાં મુશ્કેલી સર્જાઈ છે. વડોલી પાસે ઓલપાડ-કીમ સ્ટેટ હાઈવે પર ઘૂંટણસમા પાણી ભરાઈ જતાં વાહનવ્યવહાર પર અસર પડી હતી. ઓલપાડ તાલુકાના અનલાવ, કીમ, કઠોદરા, વડોલી અને ઉમરાછી સહિતના વિસ્તારોમાં અનેક ઘરોમાં કમર સુધી પાણી ઘૂસી જતાં ઘરવખરીને મોટાપાયે નુકસાન થયું

અનુસંધાન પાના ૫ પર

## રાત ટેરેસ પર વિતાવી, બાળકો અને મહિલાઓમાં ભય

એકમાળના મકાનોમાં રહેતા અનેક પરિવારો માટે પૂરની રાત ક્યારેય ન ભૂલી શકાય તેવી બની રહી છે. પાણી ઘરમાં ઘૂસી જતાં પરિવારોને રાત્રી દરમિયાન ટેરેસ પર આશરો લેવો પડ્યો હતો. ઘરો અને કમ્પાઉન્ડમાં ઝેરી જીવજંતુઓ ફરતા હોવાના કારણે લોકો નીચે જવાની હિંમત કરી શક્યા ન હોતા. પૂરના પાણીનો ધસમસતો પ્રવાહ જોઈ બાળકો અને મહિલાઓમાં ભારે ભયનો માહોલ જોવા મળ્યો હતો. પરિવારના સભ્યો આખી રાત જીવના જોખમે એકબીજાની સાથે ટેરેસ પર બેસીને સવાર થવાની રાહ જોતા રહ્યા હતા.

## ડહેલી ગામના 30 મકાનો ધરાશાયી, 200 લોકો બેઘર થઇ ગયા

**કીમનદીના** કિનારે આવેલા ગામમાં ભારે તારાજી



ભરૂચ : કીમ નદીના કિનારે આવેલા ગામમાં સતત વરસાદ અને પૂર જેવી સ્થિતિને કારણે ભારે દુર્દશા સર્જાઈ છે. ગામના 30થી વધુ કાચા મકાનોમાં પાણી ઘૂસી જતાં લોકોની વર્ષોની મહેનત ક્ષણવારમાં તબાહ થઈ ગઈ છે. પૂરના પાણીએ અનેક પરિવારોના ઘરવખરી, અનાજ, કપડાં અને દૈનિક ઉપયોગની ચીજવસ્તુઓ સંપૂર્ણપણે બરબાદ કરી દીધી છે. ગામના 200થી વધુ લોકો માત્ર પહેરેલા કપડાં સાથે જ જીવ બચાવી શક્યા હતા. ઘરમાં રહેલા કપડાં, પથારી, વાસણો, દસ્તાવેજો અને અન્ય સામાન પાણીમાં નાશ પામતાં પરિવારો સગાસંબંધીઓનો આશ્રય લેવા મજબૂર થયા છે. ગામના રહીશ મંગીબેને અશ્રુધારા વચ્ચે પોતાના ઘરમાં રાખેલી અનાજની ખાલી પીપ બતાવી હતી. તેમણે જણાવ્યું કે ઘરમાં રહેલું આખું અનાજ પૂરના પાણીમાં બગડી ગયું છે. હવે પરિવાર માટે બે ટાઈમનું ભોજન મેળવવું પણ મુશ્કેલ બની ગયું છે. અનેક પરિવારો પાસે બદલવા માટે કપડાં પણ ઉપલબ્ધ નથી.

## અંકલેશ્વર-હાંસોટ-સુરત સ્ટેટ હાઇવે સતત બીજા દિવસે પણ બંધ રહેતા મુશ્કેલી



અંકલેશ્વર,ભરૂચ : ભરૂચ જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી પડેલા અતિભારે વરસાદની અસર હજુ પણ યથાવત જોવા મળી રહી છે. નદીઓ અને ખાડીઓમાં પાણીનો પ્રવાહ વધતા અનેક વિસ્તારોમાં જનજીવન પ્રભાવિત બન્યું છે. હાંસોટ તાલુકાના સાહોલ ગામ નજીક કીમ નદીમાં આવેલા ઘોડાપૂરને કારણે નદીનું પાણી અંકલેશ્વર-હાંસોટ-સુરતને જોડતા મહત્વના સ્ટેટ હાઇવે પર ફરી વળતાં સતત બીજા દિવસે પણ માર્ગ વાહનવ્યવહાર માટે બંધ રાખવાની ફરજ પડી હતી.આ સ્ટેટ હાઇવે દક્ષિણ ગુજરાત અને ભરૂચ જિલ્લાના વિવિધ વિસ્તારોને જોડતો મહત્વનો માર્ગ હોવાથી દરરોજ હજારો નાના-મોટા વાહનો ઉપરાંત ઔદ્યોગિક એકમોના માલવાહક ટ્રક, બસો, ખાનગી વાહનો અને રોજિંદા અપડાઉન કરતા કર્મચારીઓ આ માર્ગનો ઉપયોગ કરે છે. માર્ગ બંધ થતાં બંને તરફ વાહનોની લાંબી કતારો જોવા મળી હતી. અનેક વાહનચાલકોને કલાકો સુધી રાહ જોવી પડી હતી, જ્યારે કેટલાક લોકોએ લાંબા અંતરના વૈકલ્પિક માર્ગો અપનાવવાની ફરજ પડી હતી.

## ચૂંટણી સમયે ઘરે આવતા નેતાઓ પાદરે પણ દેખાતા નથી

પૂરની આફત વચ્ચે અસરગ્રસ્ત લોકોમાં પ્રશાસન અને નેતાઓ પ્રત્યે ભારે રોષ પણ જોવા મળ્યો હતો. પૂરગ્રસ્તોએ પોતાની વ્યથા વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, "ચૂંટણી સમયે ઘર આંગણે મત માંગવા આવતા નેતાઓ આજે ગામના પાદરે થઈને જતા રહ્યા છે. પૂર જેવી આફત આવી હોવા છતાં અમારી સ્થિતિ જોવા કોઈ આવ્યું નથી." અસરગ્રસ્તોનું કહેવું છે કે દિવસો વીતી ગયા છતાં કેટલાક પરિવારોની વાસ્તવિક પરિસ્થિતિ જાણવા હજુ સુધી કોઈ પહોંચ્યું નથી. ઘરવખરી ગુમાવનારા અને નુકસાન સહન કરનારા પરિવારો હવે સરકાર અને તંત્ર પાસેથી તાત્કાલિક સહાયની આશા રાખી રહ્યા છે.

## કઠોદરાના 100થી વધુ કાચા મકાનોને ભારે નુકસાન

ઓલપાડ તાલુકામાં વરસાદ થંભી ગયો હોવા છતાં કીમ નદીનો કહેર સંપૂર્ણપણે શમ્યો નથી. નદીના પાણી હજુ પણ કેટલાક વિસ્તારોમાં ઓસર્યા નથી, જેના કારણે નદી નજીકના વિસ્તારોમાં લોકોમાં ચિંતા યથાવત છે. કીમ નજીક આવેલ કીમ વિભાગનું મુક્તિધામ સ્મશાનગૃહ પણ પાણીમાં જળમગ્ન થયું છે. કીમના અમન પાર્કમાં આશરે 50 જેટલા ઘરો જળમગ્ન થયા હતા, જ્યારે કઠોદરા ગામે કોલોની, ટેકરા ફળિયું અને હળપતિવાસ સહિતના વિસ્તારોમાં આશરે 100 જેટલા કાચા ઘરોને ભારે નુકસાન થયું છે. સ્મશાનગૃહમાં રાખવામાં આવેલા લાકડાં સહિત અગ્નિસંસ્કાર માટેનો સામાન પણ પાણીમાં પલળી ગયો છે. જેના કારણે આસપાસના વિસ્તારમાં મૃતદેહોના અંતિમ સંસ્કાર માટે લોકોને અન્ય સ્મશાનગૃહનો સહારો લેવો પડી રહ્યો છે.

છેલ્લા 24 કલાકમાં જ ઉકાઇ ડેમની સપાટી 8.47 ફૂટ વધી ગઇ

# ઉકાઈ ડેમની જળ સપાટીમાં 48 કલાકમાં 12.82 ફૂટનો વધારો

**ડેમમાં** 2.22 લાખ ક્યૂસેકની આવક યથાવત્

**હાઈડ્રો** મારફતે 6,456 ક્યૂસેક પાણી છોડીને વીજ ઉત્પાદન શરૂ, જરૂર પડે તો ડિસ્ચાર્જ વધારાશે

સુરત : દક્ષિણ ગુજરાત અને ઉકાઈ ડેમના ઉપરવાસમાં છેલ્લા કેટલાક દિવસથી પડેલા ભારે વરસાદની સીધી અસર હવે ઉકાઈ ડેમમાં જોવા મળી રહી છે. માત્ર 48 કલાકમાં જ ડેમની જળસપાટીમાં 12.82 ફૂટનો જંગી વધારો નોંધાતા ડેમ હવે તેના 335 ફૂટના રૂલ લેવલની નજીક પહોંચી ગયો છે. હાલ ડેમમાં 2.22 લાખ ક્યૂસેકથી વધુ પાણીની સતત આવક થઈ રહી હોવાથી આગામી કલાકોમાં સ્થિતિને ધ્યાનમાં રાખીને પાણી છોડવાનો નિર્ણય પણ તબક્કાવાર

અનુસંધાન પાના ૫ પર

## ૨૩ જુલાઈએ પ્રથમ નોંધપાત્ર આવક શરૂ થઈ

ખાસ નોંધનીય બાબત એ છે કે ઉકાઈ ડેમમાં 23 જુલાઈએ પ્રથમ વખત પાણીની નોંધપાત્ર આવક શરૂ થઈ હતી. તે સમયે ડેમની સપાટી 313.10 ફૂટ હતી. ત્યારથી માત્ર નવ દિવસમાં જ ડેમની સપાટી વધીને 330.94 ફૂટ સુધી પહોંચી ગઈ છે. છેલ્લા ત્રણ દિવસ દરમિયાન એક સમયે 2.50 લાખથી લઈને 4.99 લાખ ક્યૂસેક સુધીની જંગી આવક નોંધાતા ડેમ ઝડપથી ભરાયો હતો.

## હથનુરમાંથી ડિસ્ચાર્જ ઘટાડી 30 હજાર ક્યુસેક થયું

બીજી તરફ તાપી નદીના ઉપરવાસમાં આવેલા હથનુર ડેમમાંથી પાણી છોડવાનું પ્રમાણ ઘટીને 30 હજાર ક્યૂસેક થયું છે, જ્યારે પ્રકાશા બેરેજમાંથી 1.32 લાખ ક્યૂસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. આ પાણીનો પ્રવાહ ઉકાઈ ડેમ સુધી પહોંચતો હોવાથી આવક હજુ પણ ઊંચા સ્તરે છે.

મીઠી-ભેદવાડ ખાડીના અનેક વિસ્તારો 4 ફૂટ પાણીમાં

# 48 કલાક બાદ પણ સુરત પર ખાડીપુરનું ગ્રહણ યથાવત

**ઉપરવાસથી** આવતા પાણી સામે શહેરની ડ્રેનેજ વ્યવસ્થા ફરી ફ્લોપ

**ખાડીનું** લેવલ ઘટવા છતાં ગટરનું બેકવોટર ઘરોમાં ઘૂસ્યું



(તસવીર : સતીષ જાદવ)

સુરત : શહેરમાં છેલ્લા 48 કલાકથી વધુ સમયથી મેઘરાજાએ વિરામ લીધો છે. આકાશમાં માત્ર વાદળછાયું વાતાવરણ છે અને શહેરમાં વરસાદ સંપૂર્ણપણે અટકી ગયો છે. છતાં સુરતવાસીઓની મુશ્કેલીનો અંત આવતો નથી. કારણ કે આ વખતે શહેર પોતાના વરસાદથી નહીં પરંતુ ઉપરવાસમાંથી ધસમસીને આવેલા પાણીથી ઘેરાયું છે. શનિવારે ખાડીના પાણી ઉતરવાનું શરૂ થયા બાદ હવે બે દિવસ વીતી ગયા હોવા છતાં મીઠી ખાડી અને ભેદવાડ ખાડીની આસપાસના વિસ્તારોમાંથી હજુ પાણી ઉતર્યું નથી. પરિણામે હજારો પરિવારો હજુ પણ જળકેદની સ્થિતિમાં જીવન જીવવા મજબૂર બન્યા છે.

લિંબાયત, કમરૂનગર, મીઠી ખાડી અને આસપાસના અનેક નીચાણવાળા વિસ્તારોમાં કમર સુધી ગંદુ પાણી ભરાઈ ગયું છે. આ માત્ર એક મહિનામાં ત્રીજી વખત ખાડીપૂરની સ્થિતિ સર્જાતા સ્થાનિકોનો ધીરજનો ઘડો છલકાઈ ગયો છે. ઘરો, સોસાયટીઓ, શેરીઓ અને બિલ્ડિંગોના કેમ્પસ આજે પણ પાણીમાં ગરકાવ છે. અનેક પરિવારો પોતાના ઘરોમાં જ કેદ છે. રોજગાર ઠપ્પ થઈ ગયો છે, બાળકોનું શિક્ષણ ખોરવાઈ ગયું છે અને લોકો બે-બે દિવસથી ગટર મિશ્રિત ગંદા પાણી વચ્ચે જીવવા મજબૂર બન્યા છે. મહાનગરપાલિકા દ્વારા લોકોને સરકારી શાળાઓમાં ખસેડવાની કામગીરી કરવામાં આવી છે, પરંતુ ઘરનો સામાન, દુકાનો અને મિલકતની ચિંતાને કારણે અનેક પરિવારો હજુ પણ પોતાના ઘરો છોડવા તૈયાર નથી. પરિણામે તેઓ ગંદકી, દુર્ગંધ અને અસુરક્ષાના માહોલ વચ્ચે નરક સમાન જીવન જીવી રહ્યા છે. આ સમગ્ર ઘટનાએ ફરી એક વખત શહેરની ડ્રેનેજ વ્યવસ્થાની

અનુસંધાન પાના ૫ પર

## હજુ આ વિસ્તારોમાં કમરબુડ પાણી

- » સારોલી, સણિયા-હેમાદ સહિવિસ્તારોમાં પાણી યથાવત
- » પૂણા કુંભારીયા રોડ-પરવટ પાટિયા પર પણ ખાડીપૂરમાં
- » લેન્ડમાર્ક નજીક મુખ્ય રોડ પણ અડધો ફૂટ પાણી
- » લિંબાયતના કમરૂ નગર આવાસની આસપાસ ત્રણ ત્રણ ફૂટ પાણી
- » લિંબાયત મજ્જા પાર્ક-આમિના મસ્જિદ પણ પાણીમાં કેદ જેવી સ્થિતી
- » મીઠી ખાડી - સાબરી મસ્જિદની આસપસા પણ પાણીનો ભરાવો

## ડફોળ તંત્ર : ડ્રેનેજ લાઇન નીચે હોવાથી બેક વોટરની આફત

### ખાડીના લેવલમાં ઘટાડો છતાં લોકોની મુશ્કેલી યથાવત

| ખાડી | રવિવાર | શનિવાર | ઘટાડો |
|---|---|---|---|
| કાકરા | 5.90 મીટર | 6.15 મીટર | 0.25 મીટર |
| ભેદવાડ | 6.00 મીટર | 6.30 મીટર | 0.30 મીટર |
| મીઠી | 8.35 મીટર | 8.50 મીટર | 0.15 મીટર |
| સિમાડા | 3.70 મીટર | 4.30 મીટર | 0.60 મીટર |

મીઠી ખાડીની સત્તાવાર ભયજનક સપાટી 9.35 મીટર નક્કી કરવામાં આવી છે. પરંતુ રવિવારે સવારથી મીઠી ખાડીનું લેવલ વધવા લાગ્યું હતું. 8.55 મીટર પહોંચી હતી. 8.55 મીટરે વહી રહી હોવા છતાં આસપાસના વિસ્તારોમાં કમરડૂબ પાણી ભરાઈ ગયા હતા. ખાડી ભયજનક સપાટીથી દૂર હોવા છતાં વિસ્તારો કેમ ડૂબી રહ્યા છે? મનપાના તંત્રએજ કરેલા ખુલાસા મુજબ, શહેરની ડ્રેનેજ સિસ્ટમનું લેવલ ખાડીના સ્તર કરતાં નીચું છે. જેથી જ્યારે પણ ખાડીમાં પાણી 8.30 મીટરે પહોંચે છે, ત્યારે ગટરનું પાણી ખાડીમાં જવાને બદલે ખાડીનું પાણી ડ્રેનેજ લાઈન મારફતે 'બેક' મારે છે. નીચાણવાળા વિસ્તારોની ગટરો ઉભરાઈને પાણી ઘરો સુધી પહોંચી જાય છે. દર વર્ષે આ જ મુશ્કેલી સર્જાય છે, પણ તંત્ર કાયમી ઉકેલ લાવવાને બદલે માત્ર તમાશો જુએ છે.

## તણાઇ આવેલી ગંદકીથી હવે રોગચાળો ફાટી નિકળવાનો ભય

દર વખતે પૂર આવે ત્યારે માત્ર પોકળ આશ્વાસનો અને રાહત શિબિરો આપીને સંતોષ માની લેતું મહાનગરપાલિકાનું તંત્ર આ વખતે નાકામ સાબિત થયું છે. સ્થાનિક રહીશોનો આરોપ છે કે તંત્ર દ્વારા કોઈ યોગ્ય સુવિધા પૂરી પાડવામાં આવી નથી. ભરાયેલા પાણીમાં મોટા પ્રમાણમાં કચરો અને ગંદકી તણાઈને આવી છે, જેના કારણે સમગ્ર આજુબાજુના વિસ્તારમાં અસહ્ય દુર્ગંધ ફેલાઈ રહી છે. બે-બે દિવસથી ગટર મિશ્રિત ગંદા પાણી વચ્ચે રહેવા મજબૂર બનેલા લોકોમાં હવે મલેરિયા, ડેન્ગ્યુ અને ઉલટી-ઉબકા જેવા ગંભીર રોગચાળો ફેલાવાનો ભારે ભય વ્યાપી ગયો છે. હવે જ્યારે પાણી કાઢવાની કવાયત હાથ ધરાઈ છે ત્યારે સ્થાનિકોનો ધીરજનો ઘડો ખૂટી ગયો છે અને તંત્રની આવી ઘોર બેદરકારી સામે ભારે રોષ અને નારાજગી જોવા મળી રહી છે.

# CWGની જુડો ગોલ્ડ મેડાલિસ્ટને સુરતની દિક્ષી સેલરે હરાવી હતી

**સુરતના** રાંદેરની દિક્ષી સેલરે 2019 માં બ્રિટનના વોલ્સલમાં યોજાયેલી કોમનવેલ્થ ચેમ્પિયનશિપમાં ભારત વતી બ્રોન્ઝ મેડલ જીત્યો હતો

**દિક્ષી** સેલરે વર્ષ 2019 માં કોમન વેલ્થ ચેમ્પિયનશિપ ટ્રાયલમાં ત્રિપુરા વતી રમતી અસ્મિતા ડે ને સેમી ફાઈનલમાં હરાવી હતી



સુરત : ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સ 2026માં જુડોમાં ભારતનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન રહ્યું છે. ભારતીય ટીમે 4 મેડલ સાથે ઈતિહાસ રચ્યો હતો. આ સાથે જ જુડોમાં ભારતની મેડલ સંખ્યા વધીને 4 થઈ ગઈ છે, જે કોમનવેલ્થ ગેમ્સના ઈતિહાસમાં ભારતનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન છે. આ અગાઉ અસ્મિતા ડેએ (48 કિગ્રા) ગોલ્ડ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો હતો, હર્ષ સિંહે (60 કિગ્રા) અને યામિની મોર્યાએ (57 કિગ્રા) સિલ્વર મેડલ જીત્યો હતો

ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સ 2026માં 48 કિગ્રા વેઈટ કેટેગરીમાં ગોલ્ડ મેડલ જીતીને ઈતિહાસ રચનાર અસ્મિતા ડે ને સુરતની જુડો પ્લેયર દિક્ષી વિશાલ સેલરે હરાવી હતી. સુરતના રાંદેરની વતની જુડો પ્લેયર દિક્ષી સેલરે વર્ષ 2019 માં કોમન વેલ્થ ચેમ્પિયનશિપ અંડર 18 ની ટ્રાયલમાં ત્રિપુરા વતી રમતી અસ્મિતા ડે ને સેમી ફાઈનલમાં હરાવી ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો.

દિક્ષી સેલરે 2019 વોલ્સલ યુનાઈટેડ

અનુસંધાન પાના ૫ પર

[redacted]

# ફ્રેન્ડશીપ ડેના દિવસે જ બે ગાઢ મિત્રો એકસાથે કાંસમાં ડૂબી ગયા

**વાગરાના** મિત્રો ફ્રેન્ડશીપ ડેના દિવસે કાંસમાં ઉતર્યા હતા



ભરૂચ : જીવનનો આનંદ ક્યારેક ઘાતક સાબિત થાય છે, તેવી જ એક દુઃખદ ઘટના વાગરા તાલુકાના લીમડી-અંભેલ માર્ગ પર આવેલા કાંસ ઊંડા પાણીમાં નજીક રવિવારે બની. ફ્રેન્ડશિપ ડેના રોજ મિત્રો સાથે આનંદ લેવા ગયેલા ત્રણ યુવાનો ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા, જેમાંથી એકને સાથીઓએ જીવ જોખમે હેમખેમ બહાર કાઢ્યો, જ્યારે બે યુવાનો પાણીમાં અદૃશ્ય થઈ ગયા.

આ ઘટના રવિવારે સાંજની છે. મિત્રો સાથે 'ફ્રેન્ડશિપ ડે'ની ઉજવણી કરવા માટે યુવાનોનું એક ટોળું કાંસના પાણીમાં ઉતર્યું હતું. રમત-ગમત દરમિયાન અચાનક ત્રણ યુવાનો ઊંડા પાણીમાં સરી પડ્યા. તેમની બુમાબુમ સાંભળીને કિનારે બેઠેલા સાથીઓએ તાત્કાલિક કાર્યવાહી કરતા એક મિત્રને સુરક્ષિત બહાર કાઢ્યો, પરંતુ બાકીના બે યુવાનો ઊંડા પાણીમાં ડૂબી ગયા. ઘટનાની જાણ લીમડી ગામે થતાં જ માતા-પિતા અને પરિજનો

અનુસંધાન પાના ૫ પર




પંદરમી પુણ્યતિથિએ સ્મરણાંજલી

શું આપીએ શ્રદ્ધાંજલી, સ્મરણો ઓછા પડે છે.
શું આપીએ પુષ્પાંજલી, પુષ્પો ઓછા પડે છે.
નથી હયાત પણ સાથે છો તેવું લાગ્યા કરે છે.
યાદોમાં તમારા ચહેરાનાં પ્રત્યક્ષ દર્શન થયા કરે છે.
પરમ કૃપાળુ પરમાત્મા આપનાં પવિત્ર આત્માને પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના સહ.

લિ.
ડૉ. અક્ષત શાહ, ક્રિષ્ના એ. શાહ, હિયા એ. શાહ, રાવ્યા એ. શાહ
ડૉ. શીરીલ શાહ, રીખવ ડી. શાહ, પૂજા આર. શાહ, કવીશ આર. શાહ

સ્વ. હેમાક્ષી શીરીલ શાહ
સ્વ. તા. ૦૩.૦૮.૨૦૧૧

નિવાસસ્થાન:'હેમાશીષ' રામબાઈ માતા પોળ, નવસારી



પાંચમી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

એક ચહેરો જે દ્રષ્ટિમાંથી ક્યારેય ભુલાય નહી, એક વ્યકિત જે ક્યારેય નહિ એક હુંફ જે હવે ક્યારે મળશે નહી. આંખો હજુ નિહાળે છે તમને અંતર હજી પોકારે છે તમને, સ્મરણ થાય ત્યારે મન મુકીને રડાવો છે, કલ્પી ન શકાય તેવી તમારી વસમી વિદાય કાળજું કંપાવી દે છે, સમય વિતતો જશે, પરંતુ યાદ તમારી સદા જીવંત રહેશે. પરમ કૃપાળુ પરમાત્મા એમના દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના પ્રભુને.... ઓમ શાંતિ....

લિ.
ગં.સ્વ. વનિતાબેન ઠાકોરભાઈ સોલંકી (પત્ની)
જીનેશ ઠાકોરભાઈ સોલંકી (પુત્ર) | દેવાંશી ઠાકોરભાઈ સોલંકી (પુત્રી)
સેજલ ભરતભાઈ પરમાર (પુત્રી) | ભરતભાઈ મોહનભાઈ પરમાર (જમાઈ)
રૂદ્ર ભરતભાઈ પરમાર (પૌત્ર) | વામિકા ભરતભાઈ પરમાર (પૌત્રી)

સ્વ. ઠાકોરભાઈ રણછોડભાઈ સોલંકી
જન્મ તા. ૨૭/૦૩/૧૯૬૭
સ્વ. તા. ૦૩/૦૮/૨૦૨૧, મંગળવાર

વતનઃ શામપુરા હાલઃ વ્યારા

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફીક્સડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર

જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦



પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

સ્મૃતિ પર કયારેય વિસરાય નહી તેવુ જીવી ગયા,
ટૂંકા આયુષ્યમાં કાયમી સ્મૃતિ મૂકી ગયા,
વર્ષો આવશે અને વિતી જશે, પંરતુ તમારા
સ્મરણો અમારા હ્રદયમાં ભૂતકાળ બનીને નહીં,
પંરતુ સ્મરણીય બનીને સદાય અમર રહેશે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ
અર્પે એ જ પ્રાર્થના...

લિ.
હરિદર્શન દિલેશભાઈ બારીયા
હંસાબેન દિનેશભાઈ બારીયા
ખુશી દિલેશભાઈ બારીયા
(મો.) ૯૮૨૪૨૭૫૯૯૯

સ્વ.દિલેશભાઈ દિનેશભાઈ બારીયા
જન્મ તા.૦૯/૦૩/૧૯૭૮
સ્વ.તા.૦૩/૦૮/૨૦૨૫

કાળાચૂડા કડવાપાટીદાર સમાજ- દુઃખદ અવસાન



દિલગીરી સહ જણાવવાનું કે અમારા કાકા/ પિતા/ દાદા/ પરદાદા શ્રી મગનભાઇ કરસનભાઇ પટેલનું દુઃખદ અવસાન તા. ૦૨/૦૮/૨૦૨૬ (રવિવાર) નાં રોજ થયેલ છે. સદ્દગતનાં આત્માને પરમાત્મા પરમ શાંતિ અર્પે એ જ પ્રાર્થના. સદ્દગતની પ્રાર્થના સભા સંપન્ન થયેલ છે.

ખાસ નોંધ : તમામ લૌકિક રિવાજ સદંતર બંધ રાખવામાં આવેલ છે. ઘરે મળવાનો સમય : તા. ૦૩/૦૮/૨૦૨૬ (સોમવાર)થી તા. ૦૫/૦૮/૨૦૨૬ (બુધવાર) સાંજનાં ૩ થી ૬ કલાકે.

સ્વ.મગનભાઇ કરસનભાઇ પટેલ
સ્વ. તા.૦૨/૦૮/૨૦૨૬

શોકાતુર

બળદેવભાઈ ઠાકોરભાઈ પટેલ I સુખદેવભાઈ ઠાકોરભાઈ પટેલ
કીર્તિદાબેન-મહેશભાઈ મગનભાઈ પટેલ
ધરાબેન- ધવલકુમાર મહેશભાઈ પટેલ
કૃષિબેન-ચિંતનકુમાર મહેશભાઈ પટેલ
મીનાબેન- સ્વ. ઈશ્વરભાઈ મંછુભાઈ પટેલ
મનીષાબેન- હરીશભાઈ નગીનભાઈ પટેલ
હેયાંશ, જલધિ, જૈત્ર

નિવાસસ્થાન : ૦૪, પટેલ ફળિયું, ઉત્રાણ, સુરત.